## સન સ્ટ્રોકથી સે-પમાં રહેતા પી.આઈ.ના પુત્રનું મૃત્યુ

# સચિવાલય ખાતે નાડી પરીક્ષણ કેમ્પ યોજાયો

## રોગ નિદાન માટે આયુર્વેદિક દવાખાને કર્મચારીઓ-અધિકારીઓ ઉમટયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં નવા સચિવાલય ખાતે બ્લોક નં.૧માં આવેલ આયુર્વેદિક દવાખાનામાં તાજેતરમાં નાડી પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગાંધીનગરના જાણીતા વૈદ્ય તથા નાડી પરીક્ષણના નિષ્ણાંત ડૉ. જસવંતસિંહ રાઠોડ દ્વારા સરકારી કર્મચારીઓ તથા અધિકારીઓનું નાડી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સચિવાલયના આયુર્વેદિક દવાખાના દ્વારા વખતો વખત વવિધ પ્રકારના કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આયુર્વેદિક દવાખાનાના ડૉ. રાકેશ ભટ્ટ દ્વારા આ બાબતે વિશેષ રૂચિ લઈ આ પ્રકારના આયોજનો ગોઠવે છે. આ વખતે નાડી પરીક્ષણ દ્વારા દર્દીના રોગની ઓળખ અંગે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગાંધીનગરના પ્રસિધ્ધ નાડી વૈદ્ય ડૉ. જસવંતસિંહ રાઠોડ દ્વારા નાડી પરીક્ષણની સેવાઓ આપવામાં આવી હતી. આ કેમ્પનો લાભ સચિવાલયના અધિકારીઓએ તથા કર્મચારીઓએ તદુપરાંત અનેક નગરજનોએ પણ લીધો હતો. આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિમાં વ્યકિતના શરીરમાં કોઈ પણ બિમાર થવાના મૂળમાં ત્રણ કારણો હોવાનું માનવામાં આવે છે. આ ત્રણ કારણો એટલે કે વાયુ, કફ અને પિત્ત આ ત્રણ કારણોથી થતા રોગોને પકડવા માટે નાડી એ ખૂબ જ અગત્યનું માધ્યમ ગણાય છે. નાડી પરીક્ષણ દ્વારા રોગોનું સચોટ પરીક્ષણ કરી



શકાય છે તેવો નિષ્ણાંતોનો મત છે. ડૉ. જસવંતસિંહે કેમ્પમાં ઉપસ્થિત કર્મચારીઓ-અધિકારીઓ સહિતના દર્દીઓની નાડી તપાસી તેમના શરીરમાં રોગની હાજરી અંગે સચોટ માહિતી આપવાની સાથે સાથે તેને રોકવા અથવા મટાડવા કયા પગલા લેવા અને શું આહાર અપનાવવા તે અંગે પૂરતી માહિતી પ્રદાન કરી હતી. દર્દીઓને જરૂરિયાત મુજબ લેવાની સારવાર અંગે પણ તાકીદ કરી હતી.

આયુર્વેદિક પધ્ધતિએ યોજવામાં આવેલ નાડી પરીક્ષણ કેમ્પમાં મંત્રીઓના અંગત મદદનીશોએ પણ લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા આયુર્વેદિક દવાખાનાના ડૉ. રાકેશ ભટ્ટ તથા દવાખાનાના કમ્પાઉન્ડર અરવિંદભાઈ પ્રજાપતિ અને પરેશકુમાર ઠાકોરે સુંદર સેવાઓ પુરી પાડી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ તથા અધિકારીઓ નાડી પરીક્ષણ માટે ઉમટી પડયા હતાં.

## @ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા શનિવારના રોજ સાંજે ૫ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુ નિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે માસિક બેઠક યોજાશે.

● સે-૧૪ સ્થિત શ્રી જય અંબે મંદિર ખાતે શનિવારના રોજ કમલેશભાઈની પુણ્યતિથિ નિમિત્તે રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ઈન્ફોસીટીમાં સવારના ૯ કલાકે નગરની આગેવાન સંસ્થાઓ, આગેવાનો, ધારાસભ્યો, મેયર તથા નાગરિકોને સમાવેશ કરતો એક વર્કશોપ યોજાશે. જેમાં સ્માર્ટસીટી પ્રોજકેટ સંબંધિત માહિતી આપીને ચર્ચા વિચારણા કરવાની સાથે સૂચનો મેળવાશે.

● સે-૭ સૌરાષ્ટ્ર લેઉવા સેવા સમાજ ખાતે શ્રી ભોજલરામબાપાની ૨૩૧મી જન્મજયંતિ નિમિત્તે સવારે ૮ કલાકે શોભાયાત્રા, સવાર ૯ કલાકે ગાયત્રી યજ્ઞ ઉપરાંત સવારે ૧૦ કલાકે બ્લડ ડોનેશન કેમ્પ તથા ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાશે.

## શહેરમાં ઈજાગ્રસ્ત અને બિમાર પશુઓની સારવાર માટે કોઈ વ્યવસ્થા જ નથી : જીવદયા પ્રેમી નિસર્ગ બુચે મેયરને રજૂઆત કરી

ગાંધીનગર, તા.૨૦

કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ ગાંધીનગરમાં અકસ્માત કે માંદગીનો ભોગ બનેલા રખડતા ઢોર માટે કોઈ વ્યવસ્થા થઈ શકી નથી. આ મામલે મ્યુ.ના સત્તાધીશોએ જીવદયાનો અભિગમ દાખવી ત્વરીત માંદા અને ઈજાગ્રસ્ત ઢોર માટે વ્યવસ્થા ઉભી કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સેકટર-૨૮ મયુર એપાર્ટમેન્ટમાં રહેતા જીવદયા પ્રેમી નિસર્ગ બુચે આ અંગે મેયર પ્રવીણ પટેલને રજૂઆત કરી છે. જેમાં જણાવ્યા મુજબ શહેરમાં બિનવારસી ઢોરની સંખ્યા વિશેષ છે ત્યારે ઈજાગ્રસ્ત અને બિમારીનો ભોગ બનતા ઢોરની સારવાર માટે તંત્ર કક્ષાએથી પણ કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી. આવા કિસ્સામાં જવાબદાર તંત્રને વખતોવખત ફરીયાદ કરતા નાગરિકોને પણ નિરાશા જ સાંપડી છે. મૃત પશુઓના નિકાલ માટે વ્યવસ્થા ગોઠવાઈ છે તેમ બિમાર અને ઈજાગ્રસ્ત ઢોરને યોગ્ય જગ્યાએ રક્ષણ અને સારવાર પણ મળવા જોઈએ. આ માટે મહાનગરપાલિકામાં નિયમો અને કાયદાઓની જોગવાઈ પણ છે. જીવદયા પ્રેમી નિસર્ગની આ રજૂઆત અન્વયે મેયરે પણ યોગ્ય વ્યવસ્થા કરવાનો હકારાત્મક અભિગમ દાખવ્યો છે. કોર્પોરેશન દ્વારા મુંગા પશુઓ માટે યોગ્ય વ્યવસ્થા થાય તેની નગરજનો રાહ જોઈ રહ્યા છે.

## વાતવાતમાં

● ગરમીનો પ્રભાવ વધતા ઓનલાઈન એરકૂલર ખરીદનારા કેટલાક ગ્રાહકોને તેમનો ઉતાવળીયો નિર્ણય આર્થિક ફટકો પહોંચાડી ગયો છે. ઓનલાઈન મંગાવેલ એરકૂલર ઠંડક ના આપી શકતા કંપનીને બદલી આપવા ફરિયાદ કરતા તેવું કંપનીની પોલીસીમાં નથી તેવો જવાબ મળ્યો હતો.

● શહેરમાં એર કન્ડીશનર ફીટીંગ કરનારા કારીગરોની એટલી માંગ વધી જવા પામી છે કે તેના માણસો ખૂટી પડયા છે. છેવટે ગરમીથી બચવા નગરજનો એસીના બદલે તાત્કાલિક એરકૂલર ખરીદી કામ ચલાવી લેવાનું મુનાસિબ માની રહ્યાં છે.

● પ્રિ મેડીકલ એન્ટ્રસ એકઝામ નીટને રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વટહુકમ બહાર પાડવાની બાબતને કેબિનેટની મંજુરી મળી જવા પામી છે. આ સમાચાર વહેતા થતા જ શહેરના વાલીઓમાં આનંદનું મોજું પ્રસરી જવા પામ્યું છે.

● સેકટર-૧૩માં હજુ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઓના થોડાક દિવસ પહેલા જ બાળકોને રમવાના સાધનો લગાડાયા છે. સાધનો અત્યારે તુટેલી હાલતમાં આવી જવાથી વેકેશનમાં બાળકોને નિરાશા તો ઉપજી છે પરંતુ સાથો સાથ આ સાધનોની ગુણવત્તા બાબતે સવાલો ઉભા થયા છે.

● શહેરમાં દિવસભર આકરા તાપ સાથે સતત પવન ફુંકાતો હોવાથી ગરમીમાં સામાન્ય રાહત જણાઈ હતી. સાંજના સુમારે તો ઠંડો પવન ફુંકાતા નગરજનો ગેલમાં આવી ગયા હતા.

# કચેરીઓના કુલર શ્રમિકો-ગરીબો માટે આર્શીવાદરૂપ

## કાળઝાળ ગરમીમાં શ્રમિકો-ગરીબો સરકારી કચેરીઓમાં પહોંચી કુલરમાંથી પાણી ભરે છે : વિવિધ સ્થળોએ આવા કુલર મુકવા માંગ

ગાંધીનગર, તા.૨૦

છેલ્લા એક અઠવાડિયાથી શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આવી કાળઝાળ ગરમીમાં ઠંડુ પાણી અમૃત સમાન લાગે છે. જેમની પાણી ફ્રીઝ-કુલર જેવી વ્યવસ્થા નથી તેવા ગરીબો-શ્રમિકો સરકારી કચેરીઓમાં પહોંચી જઈ અહીં લગાવાયેલા ઠંડા પાણીના કુલરમાંથી પાણી ભરીને ગરમીમાં રાહત મેળવી રહ્યા છે. જો વિવિધ સ્થળોએ કોર્પોરેશન કે અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા આવા કુલર મુકવામાં આવે તો તે આર્શીવાદરૂપ નીવડશે.

આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. ચામડીને બાળી નાંખે તેવો આકરો તડકો પડી રહ્યો છે. આવી આકરી ગરમીમાં સૌથી વધુ જરૂરીયાત પાણીની રહે છે. ફ્રીઝમાં મુકેલુ ઠંડુ પાણી અને બરફ વારંવાર વપરાઈ જાય છે. સરકારી કચેરીઓમાં ઠંડા પાણીની જરૂરિયાતને પહોંચી વળવા આર.ઓ. સિસ્ટમવાળા કુલર લગાવવામાં આવ્યા છે. આ કુલર કર્મચારીઓ-અધિકારીઓને તો ઠંડુ પાણી પુરું પાડે જ છે પરંતુ તે ગરીબો અને શ્રમિકો માટે પણ આર્શીવાદરૂપ નીવડયા છે. કાળઝાળ ગરમીમાં ઠંડા પાણીની જરૂરીયાત ગરીબો-શ્રમિકોને સરકારી કચેરીઓ સુધી ખેંચી લાવે છે. અહીંથી પાણી પી તેઓ પોતાની તૃષા સંતોષે છે અને સાથે લાવેલા બાટલાઓમાં પાણી ભરીને પોતાના પરિવારજનોની તૃષા પણ સંતોષે છે. જુના સચિવાલયમાં એવી ઘણી કચેરીઓ છે જેઓએ જાહેર જનતા ઠંડુ પાણી ભરી શકે તે માટે ખુલ્લી જગ્યામાં કુલર લગાવ્યા છે જેમ પંખીઓને પાણી પુરું પાડવા ચકલોડિયાનું વિતરણ કરવામાં આવે છે તેમ વિવિધ સંસ્થાઓ અને કોર્પોરેશન વિવિધ સ્થળોએ આવા કુલર મુકાવડાવી જરૂરીયતામંદોને અવિરત ઠંડુ પાણી પુરું પાડી શકે તેમ છે.

## સન સ્ટ્રોકથી સે-પમાં રહેતા પી.આઈ.ના પુત્રનું મૃત્યુ

**બે દિવસ ગરમીમાં બાઈક પર ફર્યો ને તબીયત લથડી : સવારે નાકમાંથી લોહી નીકળ્યું ને શ્વાસ છોડયો**

ગાંધીનગર, તા.૨૦

રાજયના પાટનગરમાં છેલ્લા ત્રણ દિવસથી રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. આ ગરમીના દિવસમાં સેકટર-પમાં રહેતા એક પી.આઈ.ના પુત્રનું સન સ્ટ્રોકથી મૃત્યુ થઈ ગયું હોવાની વિગતો મળી રહી છે. બે દિવસ નોકરીમાંથી રજા લઈ પર્સનલ કામથી બાઈક પર ફર્યા બાદ ૩૦ વર્ષીય પી.આઈ. પુત્રની તબિયત લથડી હતી અને આજે સવારે નાકમાંથી લોહી નીકળ્યું ને અંતિમ શ્વાસ લીધો હતો...!

મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. પદથી થોડા દિવસો અગાઉ દહેગામ પોલીસ સ્ટેશનના સેકન્ડ પી.આઈ. પદ પર બદલી થઈ હતી તે વી.એલ. ચાવડાના મોટા દિકરાનું અવસાન થવા પામ્યું છે. તેમનો ૩૦ વર્ષીય ઉમેદસિંહ વનરાજસિંહ ચાવડા પીડીપીયુ ખાતે સિકયુરીટી સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો. બે દિવસથી ઉમેદસિંહે નોકરી પરથી રજા લીધી હતી. પર્સનલ કામ માટે તે બે દિવસથી બાઈક પર ફર્યો અને લુ લાગી જતા તબિયત લથડી હતી. આજે સવારે અચાનક નાકમાંથી લોહી નીકળ્યું તે સંદર્ભે ડોકટરને ઘરે બોલાવવામાં આવ્યા ત્યાં સુધીમાં તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

## કોલવડામાં જુગાર રમતા છ શકુની ઝડપાયા

### રૂ. ૨૬૫૦ના મુદ્દામાલ સાથે છ જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં ચામુંડાપરા વિસ્તારમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ સાંજે પેથાપુર પોલીસે દરોડો પાડયો હતો પોલીસે દરોડો પાડીને છ શકુનીઓને રંગે હાથ દબોચી લીધા હતાં. સ્થળ પરથી રૂ. ૨૬૫૦ની કિંમતનો મુદ્દામાલ મળી આવતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને તમામ છ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. છ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી.વાળાની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે કોલવડાનાં ચામુંડાપરામાં જુગાર રમાઈ રહ્યો છે અને કેટલાક લોકો બાજી માંડીને ટોળુ કરીને બેઠા છે. તેને આધારે દરોડો પાડીને કોર્ડન કરી પોલીસે તમામ છ આરોપીઓને પકડી પાડયા હતા. યોગેશ સુરેન્દ્રસિંહ ચૌહાણ, સુરેન્દ્ર ઉર્ફે શંભુજી બહાદુરસિંહ વાઘેલા, રોહિત દશરથસિંહ વાઘેલા, ભુપન મણાજી ઠાકોર, નવઘણ હિંમતસિંહ વાઘેલા અને જયદિપ ઉર્ફે બાદશાહ પૃથ્વીસિંહ વાઘેલા મળીને છ જુગારીઓને પકડી પાડવામાં આવ્યા હતા. રોકડ સહિત રૂ.૨૬૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તમામની ધરપકડ કરીને પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હવે માથાના ઈશારે વ્હીલચેર ચાલશે

## વિશ્વકર્મા સરકારી એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ અવનવા ઈનોવેટિવ પ્રોજેકટસ રજૂ કર્યા

ગાંધીનગર, તા.૨૦

યુવા વિદ્યાર્થીઓને જો યોગ્ય માર્ગદર્શન મળે તો તેમની પ્રતિભા દ્વારા તેઓ અનેક સમાજોપયોગી કાર્યો સાકાર કરી શકે છે. આ વાત સાચી પાડી છે ચાંદખેડાની વિશ્વકર્મા સરકારી એન્જિનીયરીંગ કોલેજના ટેલેન્ટેડ વિદ્યાર્થીઓએ.માથાના ઈશારે ચાલતી વ્હીલચેર, ટાંકી વગરનું વોટર હીટર, હોમ ઓટોમેશન યુઝીંગ પાવર સ્વીચ, હોમ સિકયુરીટી સીસ્ટમ જેવા અનેક પ્રકારના ઈનોવેટીવ ઉપકરણો બનાવીને આ વિદ્યાર્થીઓએ સાબિત કર્યું છે કે તેઓ પણ આ સમાજના જવાબદાર નાગરિક બની સમાજમાં ઉભી થતી સમસ્યાઓને હલ કરવામાં તેમનું યોગદાન આપી શકે છે.

જીટીયુ દ્વારા હ્યુમન-સેન્ટ્રિક તથા સોશિયો-ઈકોનોમિક પ્રોજેકટસ તૈયાર કરવા અંગે વિદ્યાર્થીઓને આહવાન કરવામાં આવ્યું હતું. એન્જિનીયરીંગ અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઈનોવેટિવ તથા સમાજને ઉપયોગી એવા પ્રોજેકટસ તૈયાર કરી તમામને દંગ કરી મૂકયા હતા. આ પ્રોજેકટસમાં સૌથી ધ્યાનાકર્ષક પ્રોજેકટ હતો 'મુવીંગ વ્હીલચેર બેઝડ ઓન હેડ મુવમેન્ટ' આ પ્રોજેકટ હેઠળ વૃધ્ધ, બિમાર તથા વિકલાંગ વ્યકિતઓની હલનચલનની જરૂરિયાત અનુસાર તેમના માથાના ઈશારે ચાલતી વ્હીલચેર બનાવવામાં આવી છે. આ વ્હીલચેર ત્વરામાપક ઉપકરણ આધારિત ટોપીની મદદથી સંદેશા પ્રસારિત કરી વ્હીલ ચેરને કોઈ પણ દિશામાં ખસેડવા ઉપયોગી નિવડે છે. વળી આ વ્હીલચેરનું ઉત્પાદન વિદેશી માર્કેટ કરતા ઘણી ઓછી કિંમતે કરી શકાય તેમ છે. પ્રો. એ.એમ. હક્કના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ પૂજા ઠક્કર, અક્ષિતા મહેશ્વરી, નેહા તોતલા તથા મેઘા નાગરે આ પ્રોજેકટ તૈયાર કર્યો છે. આ વ્હીલચેર અત્યંત બિમાર, હલન ચલનમાં અસક્ષમ, અતિ વૃધ્ધ, અશકત તથા વિકલાંગો માટે ખુબ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ જીત પરસાણા, રોહિત દરિયાણી, અસીમ વ્યાસ અને કિશન પંચાલ દ્વારા ટાંકી વગરનું ઝંઝટ મુકત વોટર હીટર તૈયાર કરાયું છે. પ્રો. એચ.એસ. વાણીના માર્ગદર્શન હેઠળ રૂચિ જૈન, નેહા પટેલ, શ્વેતા પંચાલ તથા ક્રિતિકા રાઠોડે સ્માર્ટ સીટી માટે હોમ ઓટોમેશન યુઝીંગ પાવર સ્વીચ પ્રોજેકટ થકી ઘર કે ઓફિસના વિદ્યુત ઉપકરણોને સ્વયં સંચાલિત રીતે ઉપયોગમાં લઈ શકાય તેવી સીસ્ટમ બનાવી વિજળી બચતમાં યોગદાન આપ્યું છે. આ સાથે કેવલ શાહ, ધ્રુવીન પરમાર, બિપીન હિરાણી તથા જય પટેલે તમામ વિદ્યુત ઉપકરણોને ઈન્ટરનેટ ઓફ થીંગ્સની મદદથી દુનિયાના ગમે તે ખૂણેથી નિયંત્રિત કરી શકાય તેવી સીસ્ટમ બનાવી છે. આ ઉપરાંત શ્યામલ વ્યાસ, દર્શન તલાટી, જીજ્ઞેશ અગારિયા અને માનીશ સીંગ દ્વારા અત્યાધુનિક હોમ સિકયુરીટી સીસ્ટમ તૈયાર કરાઈ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ઈનહાઉસ ગ્રીન હાઉસ, સૂર્ય ઉર્જા આધારિત સ્વયં સંચાલિત સિંચાઈ પધ્ધતિ, ઓનલાઈન યુપીએસ, મલ્ટિફેઝ ચોપર, સ્માર્ટ ઓડિટોરિયમ જેવા નવીનતમ પ્રોજેકટસ તૈયાર કર્યા છે. વિશ્વકર્મા સરકારી ઈજનેરી કલેજના આચાર્યા ડૉ. રાજુલ ગજ્જર તથા પાવર ઈલેકટ્રોનિકસ વિભાગના વડા પ્રો. વિપુલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.





# અગન વર્ષાથી શ્રમજીવીઓ માદરે વતન ભણી

## ચિલોડા પંથકમાં ફુટપાથ ઉપર રહી ગોદડીઓ બનાવી વેચાણ કરતા શ્રમજીવીઓ ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠયા

ગાંધીનગર, તા.૨૦

ગરમીએ વર્તાવેલો કાળો કેર. માનવજીવન સહિત પશુ પંખી પણ તેની ઝપટમાં આવી ગયા છે. આકરી ગરમી વચ્ચે શ્રમજીવીઓની હાલત સૌથી કફોડી બની છે. જેમાં ચિલોડા ફુટપાથ ઉપર જ જીવન જીવતા અને ગોદડીઓ બનાવીને વેચાણ કરી પેટીયુ રળતા પરીવારોએ પણ અસહ્ય ગરમીથી ત્રાસીને ધંધો-રોજગાર પડતા મુકી માદરે વતનનીવાટ પકડી છે. ખુલ્લા આકાશ નીચે અગનગોળા વરસાવતી ગરમીએ બે ટંક રોટલા છીનવી લેતા પરીવારો આર્થિક બેહાલ બન્યા હતા.

મળેલ વિગતો મુજબ ગાંધીનગરના પડોશી એવા ચિલોડામાં ચોતરફની આવનજાવન રહે છે. ચોવીસ કલાક ધમધમતા રહેતા આ અવિકસિત ગામ તરફ સરકારના દુર્લક્ષથી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જ રહ્યો છે છતાં પણ વાહનોની અવરવજર અને મુસાફરોની ચહલપહલ વચ્ચે ચિલોડામાં હિંમતનગર તરફના માર્ગ ઉપર ગોદડીઓ બનાવી વેચાણ કરી ખુલ્લા આકાશ નીચે ફુટપાથને ઘર બનાવી રહેતા શ્રમજીવી પરિવારોએ ગરમીથી ત્રસ્ત બની પોતાના વતન જવા વાટ પકડી છે.



છેલ્લા ચાર પાંચ દિવસથી અગનગોળા વરસાવતી ગરમીએ ઘરની બહાર નીકળવુ મુશ્કેલ કરી દીધું છે ત્યારે ખુલ્લા આકાશ નીચે ધગધગતા તાપમાં મહિલાઓ, બાળકો, વૃદ્ધો સહિતનો પરિવાર રોજગાર અને બે ટંક રોટલા અર્થે મહેનત કરી ગુજરાત ચલાવતા ત્રાસી ગયો હતો. ગરમીમાં વેચાણ ઘટી ગયું હતું. તેમજ અતિશય ગરમીથી રહેવું મુશ્કેલ બન્યું હતું જેથી કંટાળીને રાજસ્થાન તરફ પોતાના વતને જવા નીકળી ગયા છે. ચિલોડામાં તમામ પ્રકારના રોજગાર-ધંધા ધમધમે છે અને પર પ્રાંતિયો સહિત આજુબાજુ પંથકના અનેક લોકો અહીં વ્યવસાય અર્થે આવે છે. પરંતુ પ્રાથમિક સુવિધાના અભાવે ગરમી, ઠંડી અને ચોમાસા દરમિયાન ભારે આપદા થકી વ્યવસાયિકો ત્રાહીમામ પોકારી ઉઠે છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજે બુદ્ધ તથા આંબેડકર જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા ભગવાન બુદ્ધ તથા ડૉ. આંબેડકરની જન્મજયંતિની સંયુક્ત ઉજવણી કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં મંચના કન્વીનર સોમ વાઘેલાએ જણાવ્યું છે કે તા. ૨૧ મે, શનિવારના રોજ સાંજે ૬ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે આ ઉજવણી હાથ ધરવામાં આવી છે, જેમાં મુખ્ય મહેમાન તરીકે અધિક સચિવ રવિકુમાર સોલંકી તથા નિવૃત્ત ન્યાયાધિશ કનુભાઈ વ્યાસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને અંતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. નગરજનોને આ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા તેમણે મંચ તરફથી આમંત્રણ પાઠવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર વિનોદકુમાર હિરાજી, ઉ.વ.૫૦
- સ્વ. ચાવડા ઉમેદસિંહ વનરાજસિંહ, ઉ.વ.૨૫
- સ્વ. વાઘેલા નર્મદાબેન વશરામભાઈ, ઉ.વ.૭૪
- સ્વ. રાવત મણીબેન શંકરભાઈ, ઉ.વ.૮૨
- સ્વ. સેનમા ધૂળીબેન મોહનભાઈ, ઉ.વ.૭૦
- સ્વ. ઠાકોર શિવાજી વજાજી, ઉ.વ.૬૫
- સ્વ. સુથાર સોમાભાઈ નાથાભાઈ, ઉ.વ.૬૦
- સ્વ. બુદ્ધભટ્ટી કિશોરભાઈ, ઉ.વ.૭૫